# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI


Ref No. PN 2024-25/040 Dt. 24/07/2024

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ અને કોન્ફેડેરેશન ઓફ ઈન્ડિયન ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રી (CITI)ના સંયુક્ત ઉપક્રમે 'સસ્ટેનેબલ પ્રેક્ટીસીસઃ નેવિગેટીંગ સોશિયલ એન્ડ એન્વાયરમેન્ટલ કોમ્પાલાયન્સીસ' વિષય પર વર્કશોપ યોજાઈ

### પર્યાવરણીય અને સામાજિક મુદ્દાઓની વૈશ્વિક જાગરૂકતા માટે કાપડ ઉદ્યોગમાં લાંબા ગાળાની સધ્ધરતા અને સફળતા માટે ટકાઉપણું જરૂરી છેઃ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા

### વિશ્વમાં ઈન્ટરનેશનલ બ્રાન્ડ્સ દ્વારા સોશિયલ અને એન્વાયરમેન્ટની જાળવણીને ધ્યાને રાખી આ સસ્ટેનેબલ પ્રેક્ટીસીસની ડિમાંડ છેઃ CITI સેક્રેટરી જનરલ સુશ્રી ચંદ્રિમા ચેટર્જી

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને કોન્ફેડેરેશન ઓફ ઈન્ડિયન ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રી (CITI) ના સંયુક્ત ઉપક્રમે બુધવાર, તા.૨૪ જુલાઈ ૨૦૨૪ના રોજ સવારે ૧૦:30 થી ૦૫:૦૦ કલાક દરમિયાન સંહતિ, સરસાણા, સુરત ખાતે 'સસ્ટેનેબલ પ્રેક્ટીસીસઃ નેવિગેટીંગ સોશિયલ એન્ડ એન્વાયરમેન્ટલ કોમ્પાલાયન્સીસ' વિષય પર કેપેસિટી બિલ્ડીંગ વર્કશોપ યોજાઈ હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, 'કાપડ ઉદ્યોગ એ ભારતના અર્થતંત્રનો મહત્વનો ભાગ છે, જે ૪૫ મિલિયનથી વધુ લોકોને રોજગારી આપે છે તે GDP અને નિકાસ આવકમાં નોંધપાત્ર યોગદાન આપે છે, પરંતુ સસ્ટેનેબલ પ્રેક્ટિસીસ સ્વીકારવા માટે ભારે દબાણનો સામનો કરે છે. પર્યાવરણીય અને સામાજિક મુદ્દાઓની વૈશ્વિક જાગરૂકતા માટે કાપડ ઉદ્યોગમાં લાંબા ગાળાની સધ્ધરતા અને સફળતા માટે ટકાઉપણું જરૂરી છે.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'જળ વ્યવસ્થાપન, રિસાયક્લિંગ અને અદ્યતન સારવાર તકનીકોનો અમલ કરવા, ઉર્જા-કાર્યક્ષમ મશીનરી અને નવીનીકરણીય ઉર્જા સ્ત્રોતો સ્વીકારવા તેમજ વેસ્ટ મેનેજમેન્ટ, રિસાયક્લિંગ અને અપસાયક્લિંગ દ્વારા વાર્ષિક ટેક્સટાઈલ કચરો ઘટાડવા માટે ઉદ્યોગ સાહસિકોને સૂચન કર્યું હતું.'

કોન્ફેડેરેશન ઓફ ઈન્ડિયન ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીના સેક્રેટરી જનરલ સુશ્રી ચંદ્રિમા ચેટર્જીએ જણાવ્યું હતું કે, 'સિટીએ સસ્ટેનેબલ પ્રેક્ટીસીસને મહત્વ આપ્યું છે, તેના પાછળનું મુખ્ય કારણ વિશ્વભરમાં ડોમેસ્ટીક અને ઈન્ટરનેશનલ સપ્લાયર્સ એક-બીજા સાથે ઈન્ટીગ્રેટેડ છે. ટિયર-૦૨ સપ્લાયર્સ કંઈક પ્રોસેસ કરીને ટિયર-૦૧ એક્ષપોર્ટર્સ આપે છે, ત્યારે ટિયર-૦૨ સપ્લાયર કંઈ પ્રોડક્ટ બનાવે છે? તેની પ્રોસેસ કેવી હોય છે? તેમાં કેવા પ્રકારના મટીરિયલનો ઉપયોગ કરવામાં આવ્યો છે? કેવી જગ્યા પર બન્યું છે? તે જગ્યા પર કેવી સુવિધાઓ છે? તે બધા વિષયો પર વધુ સ્પષ્ટીકરણની જરૂર છે.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'હાલમાં ડાયરેક્ટ એક્ષપોર્ટર્સને આ તમામ બાબતની જાણકારી રાખવી અત્યંત આવશ્યક છે. હાલની સ્થિતીએ વિશ્વમાં ઈન્ટરનેશનલ બ્રાન્ડ્સ દ્વારા સોશિયલ અને એન્વાયરમેન્ટની જાળવણીને ધ્યાને રાખી આ પગલાંની ડિમાંડ આવે છે.'

પ્રથમ સેશનમાં ફેર વેરના સપ્લાયર એન્ગેજમેન્ટના કો-ઓર્ડિનેટર અને ભારત સ્થિત કન્ટ્રી મેનેજર મિસ.મૌસુમી સરાંગી, ફેર વેર ફાઉન્ડેશનના લોબી એન્ડ એડવોકેસી ઓફિસર મિસ. ઈનગ્રીડ એલબર્ડસ દ્વારા કેવા પ્રકારના ડ્યુ ડીસીજન્સ રિક્વાયરમેન્ટની જરૂર છે. હ્યુમન રાઈટ્સ ડ્યુ ડીસીજન્સ વિશે માહિતી આપવામાં આવી હતી. જે બાયર્સ અને બ્રાન્ડસને ધ્યાને રાખી બનાવવામાં આવ્યું છે, પણ તેને સપ્લાયર્સને પણ સ્વીકારવાની જરૂર છે તે અંગે ચર્ચા કરાઈ હતી.

ભારત સ્થિત ગ્લોબલ પ્રોડક્ટ કોમ્પાલયન્સના સીઈઓ ડો.જયચંદ્રન નાયર, ગ્લોબલ પ્રોડક્ટ કોમ્પાલયન્સના રેગ્યુલેટરી મેનેજર મિસ. દ્રષ્ટી પટેલ દ્વારા વર્કશોપના બીજા સેશનમાં ટી એન્ડ સી વેલ્યુ ચેઈનમાં કેમિકલ કોમ્પલાયન્સનું મહત્વ વિશે માહિતી આપવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ કાર્યક્રમનું સંચાલન અને આભારવિધી કરી હતી. ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશિષ ગુજરાતી તેમજ ટેક્ષ્ટાઈલ ક્ષેત્ર સાથે સંકળાયેલા ઉદ્યોગ સાહસિકો ઉપસ્થિત રહ્યા હતા.